**Publication: Economic Times**
**Edition: Ahmedabad**

**Date: Wednesday, 4th June, 2014**

## સંક્ષિપ્ત સમાચાર

# ઈન્ડિયાફર્સ્ટ લાઈફની ગુજરાત માટે આકર્ષક વૃદ્ધિ યોજના

**અમદાવાદ:** જીવનવીમા કંપની ઈન્ડિયાફર્સ્ટ લાઈફે તેની લાંબા ગાળાની વૃદ્ધિ યોજનાના ભાગ રૂપે ગુજરાતમાં તેની હાજરી મજબૂત બનાવવાની જાહેરાત કરી છે. કંપની નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં ૨૦ ટકા વૃદ્ધિની આશા રાખે છે. કંપનીના સેલ્સ ડિરેક્ટર કમલકર સાઈએ જણાવ્યું હતું કે, "અમારી કંપનીની રચના થઈ ત્યારથી જ ગુજરાત અમારા માટે મહત્ત્વનું બજાર રહ્યું છે. તેનું મિશ્ર અર્થતંત્ર અને સાતત્યપૂર્ણ વૃદ્ધિદર રોમાંચક તકો પૂરી પાડે છે." કંપની જીવન વીમાના ૧.૬૨ લાખ ગ્રાહક ધરાવે છે અને ગુજરાતમાંથી ₹૧,૪૮૧ કરોડનો કારોબાર કર્યો છે. સાઈએ વધુમાં જણાવ્યું હતું કે, "ગુજરાતમાં અમારી ટકાવારી અને મજબૂત હાજરી અમારા માટે વર્ધિત લાભ છે. અત્યારે અમે બેન્ક ઓફ બરોડા અને આંધ્ર બેન્કની ૯૪૨ શાખાઓ મારફત રાજ્યમાં હાજરી ધરાવીએ છીએ." બચત અને રોકાણ દરમાં ગુજરાત દેશભરમાં સૌથી આગળ છે.

A Joint Venture of
Bank of Baroda · Legal & General · Andhra Bank